ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ - રામમંત્ર રોડ, ભાવનગર - ૩૬૪૦૦૨

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 23rd September, 2025

પ્રતિ,

તંત્રી શ્રી,

GEMI ગાંધીનગર, GPCB ભાવનગર અને લોક વિજ્ઞાન કેન્દ્ર (KRCSC), ભવનગર દ્વારા

## *"સ્વચ્છ તટ - સુરક્ષિત તટ"*

અંતર્ગત કોળીયાક (૧.૫ કી.મી.) અને કુડા (૧ કી.મી.) દરિયા કિનારા સફાઈ યોજવામાં આવી.

જય વિજ્ઞાન,

વિશ્વમાં સપ્ટેમ્બર માસ ના ત્રીજા શનિવારને 'આંતરરાષ્ટ્રીય દરિયા કિનારા સફાઈ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત તારીખ 20 સપ્ટેમ્બર, 2025ના રોજ ભવનગર જિલ્લાના કોળીયાક દરિયા કિનારા પર લગભગ 1.5 કિ.મી. ખાતે તેમજ 21 સપ્ટેમ્બર, 2025ના રોજ કુડા દરિયા કિનારા પર લગભગ 1 કિ.મી. દરિયા કિનારા સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ 220થી વધુ સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ 'આંતરરાષ્ટ્રીય દરિયા કિનારા સફાઈ દિવસ' ની કિનારા સફાઈમાં ડો. બિમલ ભટ્ટ (ACF ભાવનગર), શ્રી એન. એમ. કવાર (RO, GPCB ભાવનગર), શ્રી અબ્બાસ ધણકોટ (GEMI) તથા શ્રી હર્ષદ જોષી (KRCSC, ભવનગર) વિશેષ મહેમાન તરીકે હાજર રહી *"સ્વચ્છ તટ - સુરક્ષિત તટ" એ માત્ર અભિયાન નથી પરંતુ આપણા જીવન અને ભવિષ્યની સુરક્ષા સાથે સીધો સંબંધ ધરાવે છે. આપણી નાની નાની જવાબદારીથી મોટો ફેરફાર આવી શકે છે. ચાલો, સૌ મળી તટોને કચરામુક્ત બનાવીને પ્રકૃતિને સ્વચ્છતા રૂપે શ્રેષ્ઠ ભેટ અર્પણ કરીએ." બાબતે સમજુતી કેળવવા જાગૃત થવા અંગે અહવાન કર્યું હતું.*

આંતરરાષ્ટ્રીય તટીય સ્વચ્છતા દિવસના અવસર પર આયોજિત આ અભિયાનમાં ભાગ લેનારોએ બીચ પરથી પ્લાસ્ટિક કચરો, બોટલ, થેલીઓ, મૂર્તિઓ અને અન્ય ઘન કચરો એકત્રિત કરીને પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવી હતી. આ અભિયાન દ્વારા સમુદ્ર અને સાગરીક જીવનનું મહત્વ સમજાવવામાં આવ્યું તેમજ પ્લાસ્ટિકના ઘટાડા માટે વિશેષ સંદેશા સાથે શપથ લેવામાં આવેલ.

આ સ્વચ્છતા અભિયાનનું સંયોજન ગુજરાત એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (GEMI), ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), ભાવનગર અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર (KRCSC), ભવનગર દ્વારા કરવામાં આવ્યું હતું.

23/09/25

(શ્રી હર્ષદ જોષી)

જીલ્લા કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.